**CC NO**. 74078_2025

GJVD020819342025

## –:: આંક:૦૧ લગત હુકમ ::–

ફરીયાદી– શ્રી સરકાર

વિરુદ્ધ

આરોપી– વિજયભાઈ નાનુભાઈ ભરવાડ
રહે. વડોદરા.

**તહોમત– ગુજરાત પોલીસ એક્ટની કલમ–૯૦(ક) મુજબ.**

## – ચુકાદો –

**૧.** ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આરોપીએ તા.૨૨.૦૧.૨૦૨૫ ના રોજ સાંજના કલાક:૧૭.૩૦ વાગે અલવાનાકા માંજલપુર મેઈન રોડ ઉપરથી રખડતી છુટા મુકવાના ઈરાદપુર્વકની ગુનાહિત પ્રવૃત્તિને કારણે અવરજવર કરતા વાહન તથા રાહદારીઓને ઢોરોના કારણે ગંભીર શારીરિક ઈજાઓ થવાના કે જે ઈજાઓ કોઇ ત્રાહિત વ્યક્તિનું મૃત્યુ થાય તેવી રીતે પોતાની માલીકીની બે ગાય છુટી મુકી, **ગુજરાત પોલીસ એક્ટની કલમ–૯૦(ક)** અન્વયેનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ હોવા અંગેનું ચાર્જશીટ, બી.એન.એસ.એસ. કલમ–૧૭૩ અન્વયે દાખલ કરેલ છે.

**૨.** સદર કામે આરોપીને સમન્સની બજવણી થતાં, આરોપી હાજર થતાં, આરોપીને પોલીસ પેપર્સની નકલ વિનામુલ્યે આપવામાં આવેલ છે અને આરોપીએ હાજર થઈ તેઓને ગુનાનો અહેસાસ હોઈ આરોપીનું નિવેદન લેતાં, આરોપીએ તેઓના વિરુદ્ધના ગુનાની સ્વૈચ્છાએ કબુલાત કરેલ છે તેમજ કબુલાત પુરસીસ રજુ કરેલ છે, જેમાં જણાવેલ છે કે, તેઓ ગરીબ વર્ગના છે તેમજ આ તેઓનો પ્રથમ ગુનો છે અને આ ગુન્હો તેમનાથી કોઈપણ જાતના બદઈરાદા વગર અજાણતાથી થયેલ છે અને તેઓને સજા કરવામાં આવે તો, તેમના કુટુંબને ભુખે મરવાનો વારો આવશે અને તેઓ કુટુંબના એકમાત્ર કમાનાર વ્યક્તિ છે અને હવે પછીથી ભવિષ્યમાં આવા પ્રકારનો ગુન્હો નહીં કરે તેવી બાંહેધરી આપે છે અને સુધરવાની તક આપવા સાથે યોગ્ય તે દંડની સજા કરવા વિનંતી કરેલ છે.

**૩.** આજરોજ નેશનલ લોકઅદાલત છે, જેમાં ખાસ સીટીંગનું આયોજન કરવામાં આવેલ છે. સદર કામે આરોપી વિરુદ્ધ ગુન્હાનો આક્ષેપ અને આરોપીની ગુન્હા કબુલાત પુરસીસ વંચાણે લેતાં તથા આરોપી વિરુદ્ધ આક્ષેપિત ગુનાની હકીકત ધ્યાને લેતાં, ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ રેકર્ડ વંચાણે લેતાં તથા **ગુજરાત પોલીસ એક્ટની કલમ–૯૦ (ક)** માં કરવામાં આવેલ સજાની જોગવાઈ ધ્યાને લેતાં, આરોપીનું એ સ્પષ્ટ કથન છે કે, તેઓનો કોઈ ઈરાદો ગુનો કરવાનો હતો નહીં અને આ ગુન્હો તેમનાથી કોઈપણ જાતના બદઈરાદા વગર અજાણતાથી થયેલ છે અને ગુનાનો પસ્તાવો જણાય આવે છે. આમ, આ સંજોગોમાં આરોપીની રજુઆત ધ્યાને લેતાં, હું આરોપીને ઓછામાં ઓછી સજા કરવાનું ઉચિત માનું છું અને આરોપીને ઉપરોક્ત ગુન્હામાં તકસીરવાન ઠરાવું છું અને નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

## – આખરી હુકમ –

**અ.** આ કામના આરોપીને બી.એન.એસ.એસ. ૨૨૯ અન્વયે **ગુજરાત પોલીસ એક્ટની કલમ–૯૦(ક)** ના ગુનામાં, કબુલાત આધારે તકસીરવાન ઠરાવી રૂ.૩૦૦/– (અંકે રૂપિયા ત્રણસો પુરા) નો દંડ ફરમાવવામાં આવે છે અને જો દંડ ના ભરે તો દિન–૧ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા:૧૨.૦૭.૨૦૨૫ નાં રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

**(એ.જી.ડોડીયા)**
**જજ કોડ નં.જીજે.૦૧૨૯૩**
૨૩ માં એડી.સિનિયર સિવિલ જજ અને
એડી.ચીફ જયુડી.મેજી., વડોદરા.

તા.૧૨.૦૭.૨૦૨૫
વડોદરા.

(લોપામુદ્રા શર્મા)/સ્ટેનોગ્રાફર.